ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૫-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

અબકી બાર મોદી સરકાર

ગુજરાતના જ્ઞાતિવાદી સમીકરણોમાં ફિટ બેસે એવા 'પટેલ' કે 'ક્ષત્રિય' ઉપરાંત બક્ષીપંચના નેતાઓનીકોઈ કમી નહોતી. પરંતુ પાર્ટી હાઈકમાંડમાં ભારે વર્ચસ્વ ધરાવતા લાલકૃષ્ણ અડવાણની પસંદગીના નેતા તરીકે સંગઠનના માહેર નરેન્દ્ર મોદીને ગુજરાત મોકલી આપવાનો નિર્ણય થયો હતો કારણ કે સામી છાતીએ વિધાનસભાની ચૂંટણી આવી રહી હતી, જે જિતાડી શકે એવા તરવરિયા નેતા તરીકે મોદીની સંગઠનની ભૂમિકા ખપ લાગી શકે એમ હતી. ક્યારેય સરપંચ સુધ્ધાં નહીં બનેલા મોદીએ મુખ્યમંત્રી તરીકેની કઠિન જવાબદારી સ્વીકારી ત્યારે એમને ખબર હતી કે એમને બળતું ઘર કૃષ્ણાર્પણ કરાયું હતું. જો એને બચાવી લઈ શકશે તો એમનું ભવિષ્ય ઊજળું હશે, નહીંતર ગુજરાતના મુખ્યમંત્રીઓની યાદીમાં એક નામ ઉમેરાઈને કાળક્રમે વિસરાઈ જવાશે! મોદીએ પૂરા આત્મવિશ્વાસ પૂર્વક પક્ષના અગ્રણીઓની બેઠકમાં કહ્યું હતું કે મને ખબર છે કે મારા શિરે કેવડી મોટી જવાબદારી મકાઈ છે. હું ઈતિહાસ વાંચીને સંતુષ્ટ થનારો માણસ નથી, હું ઈતિહાસ બનાવનારાઓની પંગતમાં નામ નોંધાવવા પ્રયાસ કરીશ. વિવિધ એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલ એક્ઝિટપોલનાં પરિણામ જોતાં વર્ષો પહેલાંના મોદીના એ શબ્દો આટલાં વર્ષો પછી અક્ષરશઃ સાચા પડ્યા છે. એમણે સળંગ ત્રણવાર પાર્ટીને વિધાનસભાની ચૂંટણીમાં ભારે બહુમતી અપાવી અને જ્યારે રાષ્ટ્રીય સ્તરે અનેક વિવાદો અને વ્યવધાનો વચ્ચે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે એમનું નામ નક્કી થયું ત્યારે એમણે એકલા હાથે પાર્ટીનું સમગ્ર પ્રચારતંત્ર અને વ્યવસ્થાતંત્ર સંભાળી લઈ ટચલી આંગળીએ ગોવર્ધન ઊંચકતા કૃષ્ણની જેમ દિગ્વિજય મેળવવાનો પુરુષાર્થ આદરી બતાવ્યો. ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૨૦૧૪ની ચૂંટણી એક સીમાચિહ્નરૂપ ઘટના છે, જેમાં દેશ અને દુનિયામાં સૌથી વિવાદાસ્પદ અને છતાં સૌથી વધુ ચર્ચિત તથા લોકપ્રિય વિકાસલક્ષી નેતાએ એકલા હાથે પાર્ટીને પોતાની કુનેહ અને વ્યૂહાત્મક વાણીવિલાસ દ્વારા વિજયના ઉંબરા સુધી પહોંચાડી છે. હજી મતગણતરી થશે ત્યારે કદાચ એક્ઝિટ પોલનાં આંકડા પણ આંબી જાય એવા ભવ્ય અને ઐતિહાસિક વિજય બદલ નરેન્દ્ર મોદીને એમના કટ્ટર વિરોધીઓએ પણ અભિનંદન આપવા જ રહ્યા. મોદી માટે આ જંગ એમની ભવિષ્યની કારકિર્દીની દૃષ્ટિએ પણ નિર્ણાયક હતો. વિજયના સંકલ્પ સાથે મોદીએ એમના વિશાળ સમર્થક સમુદાયને જોતરીને ભાજપને હાંસિયે મૂકી દીધો હતો પરંતુ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અત્યંત જાગ્રત હતો, એણે પણ આ ચૂંટણી જીતવા માટે વિજયસંકલ્પ કરી સાધનશુદ્ધિના આગ્રહો પડતા મૂકી પરિણામ મેળવવા આકાશપાતાળ એક કર્યા હતાં. અંતે તો સમસ્ત વિજય મોદીના ખાતે જ લખાશે, ભલે પછી વિનમ્રતા અને વિવેક દર્શાવવા મોદી પોતે એને દેશની પ્રજાનો વિજય ગણાવે. વિવિધ એજન્સીઓના એક્ઝિટ પોલનાં પરિણામોમાં એકસૂત્રતા કે અબકી બાર મોદી સરકાર મોદીને અહીં તહીં ભીખનું શકોરું લઈને ફરવું પડે એવી ત્રિશંકુ સંસદ નથી રચાઈ રહી, બલકે સ્પષ્ટ બહુમતી સાથે એનડીએની સરકાર આવી રહી છે અને ગાંધી-નહેરુ પરિવારના આશ્રયે મરવાના વાંકે જીવતી સવાસો વર્ષ જૂની કોંગ્રેસ એની કારકિર્દીના સૌથી નીચલા પગથિયે ઊતરી રહી છે. ભાજપ કેરાલાને બાદ કરતાં સમગ્રે દેશમાં પહેલી જ વાર હાજરી પુરાવીને એની કારકિર્દીનું સર્વોચ્ચ શિખર આંબી રહ્યો છે.

ઈજનેરી કોલેજો ફીમાં વધારો કરશે : વિદ્યાર્થીઓ પર બોજ

ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થાય તે પહેલા જ વિવિધ કોલેજોની ફીનું માળખુ તૈયાર કરાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે માર્ચ-એપ્રિલમાં લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પરીણામો આ મહિનાના અંત સુધીમાં જાહેર કરી દેવામાં આવશે ત્યારબાદ ગુજરાત રાજ્ય ટેકનિકલ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તે પહેલા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની ફીનું માળખું તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેમાં વિદ્યાર્થીઓ ફી વધારા માટે તૈયારી રાખવી પડશે. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સંલગ્ન ડિગ્રી એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએ કોલેજોની ફીનું માળખું તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે વર્ષ ૨૦૧૪થી એટલે કે નવા શૈક્ષણિક વર્ષથી ૨૦૧૭ એમ ચાર વર્ષ માટે ફીનું ધોરણ નવા માળખા મુજબ નક્કી કરવામાં આવશે. આ કામગીરીને પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા આટોપી લેવામાં આવશે. રાજ્યભરની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન ડિગ્રી એન્જિનીયરીંગ, ફાર્મસી, એમબીએ અને એમસીએ કોલેજોના સંચાલકો અને આચાર્યની ફીનું ધોરણ નક્કી કરવા માટે તાજેતરમાં એક બેઠક મળી હતી.

આ બેઠકમાં ફી નિર્ધારણ કમિટી અને એડમિશન કમિટીના હોદ્દેદારો દ્વારા નવી ફીનું માળખું નક્કી કરવા માટે કેવી રીતે કામગીરી કરવી? ફીનું ધોરણ કઈ રીતે નક્કી કરવું વગેરે બાબતો અંગે કોલેજોના સંચાલકોને માર્ગદર્શન આપ્યું હતું.

સામાન્ય રીતે કોલેજોની ફી નક્કી કરવાની કાર્યવાહી જાન્યુઆરી માસથી શરૂ થવી જોઈએ તેવું પણ મિટીંગ દરમિયાન ચર્ચાયું હતું. એક સુર એવો હતો કે ફી નિર્ધારણ અંગેની આ બેઠક અને કાર્યવાહી મોડી શરૂ કરવામાં આવી છે જાહેર કરવામાં આવતી બુકલેટમાં કોલેજોની નવી ફીનું ધોરણ આવરી લેવું જોઈએ, પરંતુ સમયસર ફી વધારાનું માળખું નક્કી ન થવાના કારણે વિદ્યાર્થીઓ જો એડમિશન મેળવી લેશે અને પછી કોલેજોની ફીમાં વધારો થશે તો વિદ્યાર્થીઓનો અસંતોષ સહન કરવો પડશે માટે ફી નિર્ધારણની કાર્યવાહી વહેલી શરૂ કરવાની જરૂર હતી. પરંતુ બેઠકમાં થયેલી આ ચર્ચાને માત્ર સાંભળવામાં આવી હતી કારણ કે હવે આટલું મોડુ થયા પછી આ સિવાયનો અન્ય વિકલ્પ બચતો નથી માટે વિદ્યાર્થીઓ બુકલેટમાં તેનાં કરતાં વધુ ફી ભરવી પડશે.

હરિની દૃષ્ટિ...

તમને પણ અભિનંદન, મેં ડોક્ટર તરીકે આવા હજારો દર્દીનાં ઓપરેશન કર્યાં છે, પણ આ વખતે હું સફળ રહ્યો છું... !!

ગુજકેટ આન્સર-કી વેબસાઈટ પર અપલોડ કરાતા ઉત્સુકતા

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે પરીણામ જૂનનાં પ્રથમ સપ્તાહમાં જાહેર થશે : બોર્ડના પરિણામને લઇને ઉત્સુકતા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના પરીણામોના વિદ્યાર્થીઓ દિવસો ગણી રહ્યા છે. ૨ ઉમી મે ના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટની પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવશે ત્યારબાદ ૨૮મી મે ના આસપાસ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યારબાદ ધોરણ-૧૦નું પરીણામ જૂનનાં પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે.

માર્ચ-એપ્રિલ-૨૦૧૪માં લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયે દોઢ મહીના જેટલો સમય પૂરો થઈ ચુક્યો છે. આ દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી આટોપી લેવામાં આવી છે ત્યારે હવે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અને ગુજકેટની પરીક્ષાનું પરીણામ આગામી ૨ ઉમી મે ના રોજ જાહેર કરવાની જાહેરાત કરાઈ છે. આ સાથે જ ગુજકેટની પરીક્ષાની આન્સર-કી પણ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરી દેવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ પોતે પરીક્ષામાં લળેલા જવાબોને આન્સર-કી સાથે સરખાવીને પરીણામ વિષે અનુમાન લગાવી શકે છે.

ત્યારબાદ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦ની પરીક્ષાના પરીણામની તારીખ પણ આગામી એક સપ્તાહમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. બોર્ડના સત્તાવાર સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮મે ની આસપાસ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે જ્યારે ધોરણ-૧૦નું પરીણામ જૂન મહીનાના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પરીક્ષા પૂર્ણ થયા બાદ વેકેશનમાં મુડમાં રહેલ વિદ્યાર્થીઓએ મે મહીનાના બીજા સપ્તાહથી જ પરીણામના દિવસો ગણવાની શરૂઆત કરી દીધી છે. આ વર્ષે લેવાયેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં કુલ ૯૭૫૮૯૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

સે. ૨ ઉમાં માતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

આનંદ પ્રસુતિગૃહની રજત જયંતિ નિમિત્તે ક્લિનીક ખાતે મફત વંધ્યત્વ નિવારણ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

શહેરના સેક્ટર-૨ ઉમાં આવેલ આનંદ પ્રસુતિગૃહ અને નર્સિંગ હોમ દ્વારા માતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ક્લિનીકની રજત જયંતિના ભાગરૂપે ક્લિનીક ખાતે વંધ્યત્વ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં નિઃસંતાન મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

સમગ્ર વિશ્વમાં ૧૧મી મે,ના દિવસે માતૃત્વ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હંમેશા પોતાના બાળકનું ધ્યાન માતા રાખતી હોય છે ત્યારે આ દિવસે બાળકો પોતાની માતાને યાદગાર ભેટ આપી ઉજવે છે. ત્યારે શહેરના સેક્ટર-૨ ઉ ખાતેની આનંદ પ્રસુતિ ગૃહ દ્વારા માતૃત્વ દિવસને અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો.

માતૃત્વ દિવસે ક્લિનીક ખાતે ખોળાનો ખુંદનારથી વંચિત મહિલાઓને મફત સોનોગ્રાફી કરી સચોટ નિદાન કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાઓને સંબોધતા કહ્યું હતું કે નિઃસંતાન બહેનોની માતૃત્વની ઝંખના બહુ જલદી પૂર્ણ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. આ કેમ્પમાં

સંયોજક ડૉ. વિષ્ણુ પટેલ તેમજ અમદાવાદ આઈવીએફ સ્પેશ્યાલીસ્ટ ડૉ. રાજેશ પંજાબી, ડૉ. શિતલ પંજાબી અને લેપ્રોસ્કોપી સર્જન ડૉ. આનંદ પટેલે સેવાઓ આપી હતી.

વિદ્યાર્થીઓને વોકેશનલ કોર્સ કરવા માટેની જરૂર નહીં પડે

યુજીસી દ્વારા કોલેજમાં કુલ ૧૩ વોકેશનલ કોર્સ શરૂ થશે

અમદાવાદ, તા.૧૩

વ્યવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને અલગથી પાર્ટટાઈમ કોર્સ કરવા પડતા હોય છે પરંતુ આગામી સત્રથી વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમોની સુવિધા કોલેજોમાંથી મળી રહેશે. આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા કોલેજોમાં આગામી સત્રથી ૧૩ વોકેશનલ કોર્સ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ પ્રાઈવેટ સેક્ટરમાં નોકરી માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ડિગ્રી સર્ટીફીકેટ કરતા વ્યવસાઈક અભ્યાસક્રમોના સર્ટીફીકેટને વધુ મહત્વ આપવામાં આવે છે. જેનાં કારણે વિદ્યાર્થીઓએ કોલેજોમાં ડિગ્રી અભ્યાસક્રમની સાથે પાર્ટટાઈમ વોકેશનલ કોર્સ કરવાની ફરજ પડતી હોય છે. પરંતુ આગામી સત્રથી વિદ્યાર્થીઓને અલગથી પાર્ટટાઈમ વોકેશનલ કોર્સ કરવાની જરૂર નહીં પડે. કારણ કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનર દ્વારા કોલેજોમાં જ ૧૩ વોકેશનલ કોર્સ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આગામી સત્રથી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ વોકેશનલ કોર્સ માટે મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સીસના નેશનલ ફ્રેમવર્કની રચના કરવામાં આવી છે. આ ૧૩ કોર્સમાંથી વિદ્યાર્થીઓ પોતાની મરજી મુજબનો વોકેશન કોર્સ પસંદ કરી શકશે જ્યારે આ કોર્સ ભણાવવા કે નહીં તેનો નિર્ણય કોલેજ પર છોડવામાં આવ્યો છે.

હિન્દુસ્થાનની રાજનિતીની મહાશક્તિ શ્રી નરેન્દ્ર મોદી અર્થાત જગરનોટ

પ્રસંગસર
ગીરીશ મ. શર્મા

અંગ્રેજી સાહિત્યકારોએ વિશ્વને જગરનોટ નામનાં એક શબ્દની ભારતના માધ્યમથી ભેટ આપેલ છે. જગરનોટ શબ્દની ઉત્પતીનો ઈતિહાસ રસપ્રદ છે. ભુવનેશ્વરમાં સૌ પ્રથમ વખત ભગવાન જગન્નાથજીની રથયાત્રા જોઈ અંગ્રેજો અવાક બની ગયા હતા! ભગવાન જગન્નાથજીનો ગગનભેદી જયઘોષ કરતા અપાર જનસમુહ શક્તિ, ભક્તિ અને સમર્પણ જોઈ તેઓ દંગ રહી ગયેલા. આ દૃશ્યને એક શબ્દથી બાંધવા તેમણે અનેક વિધ અર્થ આપ્યા.

મારી દૃષ્ટિએ એક સામાન્ય વ્યક્તિને આ શબ્દની સાચીને યોગ્ય ઓળખ એ છે કે જગરનોટ એટલે એક એવી મહાશક્તિ, જે પ્રચંડ છે, અત્યંત સામર્થ્ય શાળી છે અને પોતાના લક્ષ તરફ અતિ તિવ્રતાથી સતત આગળ વધતી રહે છે. ઉપરાંત વચ્ચે આવનારા તમામ અવરોધોને કચડી નાંખી નિર્ધારિત લક્ષ્ય સુધીપહોંચવામાં જે સફળ થાય છે. આ મહાશક્તિ એઠલે 'જગરનોટ.'

સર્વ શક્તિમાનશ્રી પરમેશ્વરની અસીમ કૃપાથી હિન્દુસ્થાન અને સમગ્ર વિશ્વમાં હિન્દુસ્થાનપ્રેમી નાગરિક ભાઈ-બહેનો જયાં પણ વસતા હશે ત્યાં તેઓને સૌને આ મહાશક્તિની અત્યંત ઉંડાણ પૂર્વક અનુભૂતિ થઈ રહી છે. સમગ્ર વિશ્વમાં અનેક દેશોમાં વસતા હિન્દુસ્તાનપ્રેમી નાગરિક ભાઈ-બહેનો આ અનુભૂતિથી અભિભૂત થઈ રહ્યા છે. જે લોકો ઈશ્વરને માનતા નથી એવા 'વિદ્વાન' લોકો માટે આ વિષય જ એમની સમજની બહાર છે. આવા વિદ્વાન લોકો ઈશ્વરને નકારીને અલૌકિક શક્તિ જેવું નામ આપે છે. આવા વિદ્વાન લોકો ને આ મહાશક્તિ રૂપે દિન-પ્રતિદિન શક્તિશાળી બનતી જતી અલૌકિક શક્તિની અનુભૂતિ, ઈશ્વરને માનવાવાળા નાગરિકોની સરખામણીમાં વધુ તીવ્ર પણે થઈ રહી છે. આવા લોકો બહુ જ જ્ઞાની છે જેથી આ વાતને કદી એમને સ્વીકાર કર્યો છે કે ન કરશે. સમયની પ્રચંડ થપાટ એમને અત્યંત નિકટના ભવિષ્યમાં આ સત્ય સ્વિકારવા માટે મજબૂર કરશે. એ સમયે પણ આ વિદ્વાન લોકો મૌન ધારણ કરી, મોઢું વકાસી પોતાની તતુડી વગાડવાનું ચાલુ જ રાખશે.

હું એક સામાન્ય નાગરિક છું. પણ ભારત વર્ષને અત્યંત તીવ્રતાથી ચાહું છું. કારણ કે, આ પવિત્ર માટીમાં મે પ્રથમ શ્વાસ લીધો ત્યારથી આજ સુધી આ પવિત્રતમમ્ ધરતી એ મને આનંદ ઉમંગ ઉલ્લાસ અને પ્રેમથી મારું શારીરિક, માનસિક, બોદ્ધિક, આત્મિક તેમજ આધ્યાત્મિક વિકાસ કર્યો છે. ભૌતિકતાની પ્રચંડ આંધીમાં મારા આત્માના ઉંડાણમાં વસતા ભારતીય પ્રદીપના પ્રકાશને અખંડિત જાળવી રાખેલ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી હું સ્પષ્ટ રૂપથી જોઈ રહ્યો છું કે, ભારતનો સામાન્ય જનઆક્રોશથી હતપ્રભ છે. દેશને, દિવસે અને રાત્રે ખુલ્લે આમ કોઈ રોકટોક વિના કે લાજ શરમ વિના દેશના શાસકો વિદેશી તાકાતના હાથમાં લુટાવી રહ્યા છે. આ લુટ ફાટ જોઈને ભારતના સામાન્ય જન હતાશ અને નિરાશ થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે સૈકાઓથી આ મહાનતમ રાષ્ટ્રની ગૌરવ ગરિમા છિન્ન-ભિન્ન થઈ વેરવિખેર થઈ રહી છે.

હું કોઈ મહાન જ્યોતિષ શાસ્ત્રી નથી કે નથી હું રાજનીતિ શાસ્ત્રનો પ્રકાંડ પંડિત, નથી હું કોઈ મહાન સમાજશાસ્ત્રી. હું છું ભારત દેશનો એક સામાન્ય નાગરિક. હાં પરંતુ, મારા હૃદયના લોહીના એક એક ટીપામાં મારા પૂર્વજોએ ઠાંસી ઠાંસી ને ભરેલો પ્રચંડ રાષ્ટ્રવાદ પ્રાણવાયુ બનીને મારા હૃદયને સતત ધબકતું રાખી રહ્યો છે. કાશ્મિર, આસામ, ઉત્તરપ્રદેશ અને હૈદરાબાદની ઘટનાઓથી મારા હૃદયની ગતિ અસ્તવ્યસ્ત થઈ જાય છે. કાશ્મિરના ગૌરવ સમાન પંડિતોના લાખો પરિવાર દાયકાઓથી દેશમાં નિરાક્ષીતની જેમ ભટકે છે. આ વિદ્વાન લોકો કાશ્મીરી પંડિતના પરિવારો માટે કદી એક શબ્દ પણ નહીં લખે પંરતુ મારા જેવા કરોડો નાગરિકોના હૃદયમાં ધધકતો રાષ્ટ્રભક્તિનો લાવારસ, દાવાનળ બનીને ભભૂકી ઉઠે છે. આસામના નાગરિકોનું દિવસ રાત લોહી ચુસવાવાળા ઘુસણખોરોને નિર્મમતાથી બાંગ્લાદેશ ખદેડી દેવાની પ્રચંડ રાષ્ટ્રીય ભાવના અને ન્યાયપાલનને બદલે વોટ બેંકની રાજનીતિ કરી આ ઘુસણખોરીયાઓને રેશન કાર્ડ, આધારકાર્ડ, નિવાસ, વિજળી, પાણી આ તમામ સુવિધાઓ ખુલ્લે આમ તેઓના મત મેળવવા માટે અપાઈ રહી છે. આ જોઈને પણ મારા જેવા લાખો દેશવાસીઓના હૃદયમાં અકથ્ય પીડા તાંડવ બની નર્તન કરવા લાગે છે.

આવા વિશેષ સમયમાં, દેશના ઈતિહાસનાં અત્યંત નાજુક વળાંક સમયે જગરનોટની યાત્રાના શ્રીગણેશ થઈ ચૂકયા છે. સમગ્ર ભારત અને વિશ્વમાં વસતા કોટી કોટી નાગરિકો ઉપરાંત જગતની અનેક મહાસત્તાઓ સાથે ભારત વિરોધી અનેક શક્તિઓ પણ આ યાત્રાની અનુભૂતિ કરી રહી છે. આ જગરનોટ અર્થાત મહાશક્તિ લક્ષ માટે પ્રસ્થાન કરી ચૂકી છે. વચ્ચે આવી રહેલ તમામ અવરોધોને કચડી નાંખીને આગળ વધવા માટેના સંપૂર્ણ સામર્થ્ય સાથે દિવસ રાત પોતાના પથ પર અગ્રેસર થઈ રહી છે.

હું ભાર સહિત સમગ્ર વિશ્વમાં વસતા તમામ રાષ્ટ્રપ્રેમી નાગરિકોનું વિનિત હૃદયથી ભાવવિભોર થઈ નતમસ્તકે પ્રણામ કરી અભિવાદન કરું છું. આવો, આપણે જાતિ, પંથ, ભાષા, પ્રાંત, સંપ્રદાય આ તમામ પ્રકારના વાદોથી પર થઈને સૌ સાથે મળીને આપણા રાષ્ટ્ર પ્રત્યે સંપૂર્ણ સમર્પણ ભાવથી કામ કરીએ તો હિન્દુસ્થાનના પ્રધાનમંત્રીના રૂપમાં નરેન્દ્રભાઈ મોદી ભારતને સમગ્ર વિશ્વમાં પુનઃ સામર્થ્યશાળી અને ગૌરવશાળી સ્થાન અપાવવામાં અચૂક સફળ થશે.

એક એવો શક્તિશાળી રાષ્ટ્રભક્ત વ્યક્તિ જેમાં પૂ. મહાત્મા ગાંધીની સેવાભાવના, સરદાર પટેલ જેવી પ્રચંડ રાષ્ટ્રભક્તિ અને માન. અટલજી જેવી નિર્ભયતા અને રાજકીય ઈચ્છા શક્તિ ધરાવનાર તથા પોતાના વ્યક્તિગત સામાજિક જીવનના પાથૈય સ્વરૂપ દેશને બદલવાની પોલાદી મહેચ્છા ધરાવતી વ્યક્તિ છે શ્રી નરેન્દ્રભી મોદી.

નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ લાલ કિલ્લાની પ્રાચિર પરથી ગગન ભેદી સ્વરે ઘોણણા કરવા કટિબદ્ધ થયા છે કે, ભારત હવે અજય ભારત છે, દિવ્ય ભારત છે અને શ્રેષ્ઠ ભારત બનવા જઈ રહ્યું છે. શ્રી નરેન્દ્રભી હિન્દુસ્થાનની રાજનીતિના જગરનોટ અર્થાત મહાશક્તિ બનવા જઈ રહ્યા છે.

માત્ર હિન્દુસ્થાન જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના લોકો જે 'વસુધૈવ કુટુંબકમ'માં શ્રદ્ધા અને વિશ્વાસ રાખે છે. લોકશાહીમાં જેમની આકંઠ નિષ્ઠા છે તે તમામ લોકો નાત, જાત, પંથ, સમ્પ્રદાય, ભાષા, પ્રાંતના તમામ વાડાઓને વિસ્મરીને નરેન્દ્રભી મોદીની ૧૪ વર્ષની અખંડ સાધના અને તપશ્ચર્યાથી નત મસ્તક થઈ રહ્યા છે. આવો આપણે સૌ પુનઃ સામર્થ્યશાળી, વૈભવશાળી અને ગૌરવશાળી ભારતના નિર્માણ માટે સંગઠીત થઈને કાર્યરત થઈએ. સાથે મળીને ધરતીથી આકાશ સુધી દશે દિશાઓમાં ગુંજે એવા પ્રચંડ સ્વરે સમગ્ર બ્રહ્માંડમાં 'અમર, અજય, દિવ્ય, ભવ્ય અને શ્રેષ્ઠ ભારત'નો જયઘોષ કરીએ.

એક કવિએ કહ્યું છે કે,
'નિશ્ચિત હોગી વિજય સત્યકી,
જલે વિજયકા દીપક ઘર ઘર...'
ભારતમાતા કી જય..
વેદ માતરમ્